# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

## રજીસ્ટર્ડ કચેરી, વિસનગર રોડ, મહેસાણા.

U G V C L

### વીજ અકસ્માત અટકાવવા માટે વીજ ગ્રાહકોએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો

(૧) નવા બાંધકામ વખતે ઈલેક્ટ્રિક નેટવર્ક થી સલામત અંતર જાળવવું અન્યથા ભારતીય દંડ સંહિતા મુજબ ગુનો બને છે.

(૨) વ્યકિતએ રવેશ/અગાશી નજીકથી પસાર થતી વીજ લાઈન/ટ્રાન્સફોર્મરને અડકવાનો પ્રયત્ન ના કરવો તેમજ લાંબા ધાતુના સળિયા/સરંજામનો ઉપયોગ સાવચેતીપૂર્વક કરવો તથા પાણી કે અન્ય પ્રવાહીને નેટવર્ક ઉપર ફેકવું નહિ.

(૩) વાલીઓએ તેમના બાળકો રમત દરમ્યાન વીજ લાઈન/ટ્રાન્સફોર્મર/ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ તેમજ તાણીયાને ના અડકે એ માટે સતર્કતા રાખવી.

(૪) ફેરિયા તેમજ અન્ય ધંધાર્થીએ વીજપોલ કે ટ્રાન્સફોર્મર સેન્ટરની નીચે/આસપાસમાં પોતાનો સામાન લઈ બેસવું નહિ.

(૫) ઈલેક્ટ્રિક નેટવર્ક (લાઈન/પોલ/ટ્રાન્સફોર્મર/ફેન્સીંગ) ઉપર બોર્ડ, બેનર, ઈન્ટરનેટ/ટીવી/અન્ય કોઈ પણ હેતુઓ માટેના બોર્ડ લગાડવા બિનઅધિકૃત છે. અન્યથા જે-તે વ્યકિત/સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૬) ભારે/મોટા વાહનો જેવા કે બસ, ટ્રક, હાઇડ્રોલીક ડમ્પર તથા ઉંચાઈવાળા ભારે વાહનોમાં ક્ષમતાથી વધારે કે ઉંચાઈ વાળો માલસામાન ભરવો નહિ કે વીજલાઈનની નીચે/નજીક વાહનો ઉભા રાખવા નહિ અને માલસામાનની હેરફેર કરવી નહિ.

(૭) વીજ લાઈનની નજીક ઝાડ કે તેની ડાળીઓને કાપવું જોખમી છે.

(૮) યુજીવીસીએલના નેટવર્ક પર ગેરકાયદેસર રીતે રીપેરીંગ કરવા કે અન્ય કોઈ કારણોસર ચડવું નહિ.

(૯) વાહન રીવર્સમાં લેતી વખતે અથવા વળાંકમાં વીજપોલ કે લાઈનથી સલામત અંતર જાળવવું.

(૧૦) વીજળીના તાર તૂટીને જમીન પર પડેલ જણાય તો તાત્કાલિક નજીકની વીજ કચેરીનો સંપર્ક કરવો.

(૧૧) બે કિલોવોટ તથા તેની ઉપરના વીજભાર વાળા વિજસ્થાપનમાં (અર્થ લીકેજ સર્કીટ બ્રેકર) લગાડવી ફરજીયાત છે. તેમજ બે કિલોવોટથી ઓછા વીજભાર વાળા ગ્રાહકોએ પણ લગાડવી હિતાવહ છે.

(૧૨) વીજ સ્થાપન ઉપર કરારિત વીજભાર કરતા વધારે વીજભાર જોડવો કાયદાની જોગવાઈ મુજબ ગંભીર ગુનો બને છે. તેમજ વીજપ્રણાલી પર વિપરીત અસર કરીને અકસ્માત નોતરે છે. જેથી વધારાના વીજભાર માટે સબંધિત કચેરીનો સંપર્ક કરીને જરૂરી વીજભાર મંજુર કરાવવો.

(૧૩) વીજ સ્થાપનનો અર્થિંગ સમયાંતરે ચેક કરાવીને જરૂર જણાયે ફરીથી સક્રિય કરાવવો.

વીજ વિક્ષેપ અંગે ગ્રાહક સુવિધા કેન્દ્રના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૫ નો કરો અથવા ૧૯૧૨૧ નો સંપર્ક કરવો.


એન.સી.મકવાણા
મુખ્ય ઈજનેર (ઓપી)
યુજીવીસીએલ, મહેસાણા

મહેશ સિંઘ, (IFS)
મેનેજીંગ ડીરેક્ટર
યુજીવીસીએલ, મહેસાણા


**જીંદગી કીંમતી છે તેને જોખમમાં ન મુકો, સલામતી અપનાવો જીંદગી બચાવો.**

વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકાર તરફથી ગોલ્ડ શીલ્ડ મેળવનાર કંપની

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN - U40102GJ2003SGC042906

## વીજ અકસ્માતોથી સલામતી માટે જાહેર જનતા જોગ વિનમ્ર અપીલ

**વીજ અકસ્માતો એ ઉત્તર ગુજરાત વીજ કંપની લી. માટે ગહન ચિંતાનો વિષય છે. આમ જનતાની વીજ સલામતી એ અમારો મુદ્રાલેખ છે. વીજ સલામતી માટેના નીચેના સૂચનોનો આમપ્રજાના જાન માલના રક્ષણ માટે અમલ કરવા આગ્રહભરી અપીલ કરવામાં આવે છે.**

- ઈ.એલ.સી.બી. એ પરિવારનું વીજ સુરક્ષા કવચ છે. પરિવારની સુરક્ષા માટે વીજ સ્થાપનમાં યોગ્ય ક્ષમતાની એમ.સી.બી. તેમજ ઈ.એલ.સી.બી. મુકવાનો આગ્રહ અવશ્ય રાખો. કાયદાકીય જોગવાઈ અનુસાર ૨ કીલોવોટ અને તેથી વધારે વીજ માંગ માટે ઈ.એલ.સી.બી. મુકવી ફરજિયાત હોઈ કાયદાનો ચુસ્તપણે અમલ કરો અને કરાવો. ઈ.એલ.સી.બી.નું જાતે પરિક્ષણ કરી શકાય છે. જેથી તેની કામગીરીની યોગ્યતાનો સમયાંતરે ચકાસણી કરો.
- વીજ લાઈનોના તુટેલા તારને અડકશો નહિ અને તે અંગેની જાણ તાત્કાલિક વીજ કંપનીની કચેરીએ કરો. જેથી અકસ્માત નિવારી શકાય.
- વીજ લાઈનો નીચે ક્યારેય વાહનો ઊભા ન રાખો. તેમજ વધુ ઊંચાઈના વાહનો વીજ લાઈનો નીચેથી સાવચેતીપૂર્વક પસાર કરવામાં આવે તેની ખાસ કાળજી લો.
- વીજ લાઈનોની નીચે અથવા તેના થાંભલાઓ કે તાણીયાઓ સાથે પ્રાણીઓ ન બાંધો.
- વીજ લાઈનોના ઉપર લંગર નાંખીને વીજ પ્રવાહ ના લો, આવું કાર્ય પ્રાણઘાતક અકસ્માત નોતરી શકે છે.
- વીજ તારની નજીક કે નીચે બાંધકામ કરવું એ જોખમી છે. ગમે ત્યારે બાળકો, મહિલાઓ કે કોઈને પણ જીવલેણ અકસ્માત નોતરી શકે છે. આવા બાંધકામો ટાળો અને ધ્યાનમાં આવે તો તે અંગેની જાણ વીજ કંપનીની કચેરીએ કરો.
- કપડાં સુકવવા માટે શક્ય હોત ત્યાં સુધી ધાતુના તારનો ઉપયોગ ટાળો અને તેમ છતાં ધાતુનો તાર વાપરવામાં આવે તો તાર વીજ લાઈન કે તેના કોઈ પણ ભાગના સંપર્કમાં ન આવે તે રીતે બાંધો.
- વીજ લાઈનના થાંભલાઓના સંપર્કમાં રહેવાનું ટાળો અને બાળકો સંપર્કમાં ન આવે તે બાબતની તકેદારી રાખો.
- ભીના હાથે વીજ ઉપકરણો તથા સ્વીચને ન અડકો.
- તુટેલી સ્વીચ તાત્કાલિક બદલાવી નાંખો.
- વીજ સ્થાપનનાં વાયરીંગમાં સળંગ અર્થીંગનો વાયર નાંખવામાં આવેલ છે કે કેમ? તેની ખાત્રી કરાવો અને એ અર્થીંગ વાયર વીજ સ્થાપનના કાયમી યોગ્ય અર્થીંગ સાથે જોડવા અંગેની કાળજી રાખો.
- વીજ ઉપકરણો જેવાં કે ઈસ્ત્રી, ટેબલ ફેન, મીક્સર, બ્લેન્ડર, પાણી માટેની ઈલેક્ટ્રીક મોટર, ખેતીવાડી માટેની મોટર, વોટર ગીઝર, વોશીંગ મશીન વગેરેના પાવર કેબલ ત્રણ વાયર વાળો (અર્થ વાયર સાથેનો) હોવો જોઈએ તેની ખાત્રી કરો.
- બાળકો વીજ પ્લગ સાથે સીધા સંપર્કમાં ન આવે તેનું ધ્યાન રાખો.
- પાણીના પાઈપ સાથે અર્થ વાયર ન જોડો.
- બાથરૂમમાં વીજળીથી ચાલતા વોટર ગીઝરને પાક્કો અર્થીંગ કરો.
- આઈ.એસ.આઈ. પ્રમાણિત વીજ ઉપકરણો જ વાપરવાનો આગ્રહ રાખો.
- વીજ અકસ્માત અંગેની માહિતી કે કોઈ પણ વીજ ફરિયાદની જાણ અમારા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫ ઉપર તાત્કાલિક આપો.

**જિંદગી તો છે કિંમતી અમાનત,**
**રાખો અકસ્માતથી કાયમ સલામત.**

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN - U40102GJ2003SGC042906

UGVCL

## વીજ સલામતી સંબંધમાં જાણકારી

રાજ્યમાં બનતાં વીજ અકસ્માતોના અભ્યાસના આધારે વીજ સલામતી સંબંધિત નીચેની સુચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે સૌના હિતમાં છે.

૧. વીજ સ્થાપનોના નિર્માણ અને નિભાવની કામગીરી જરૂરી લાયકાત અને અધિકૃતતા ધરાવતી વ્યક્તિઓ પાસે જ કરાવવી.

૨. બી.આઈ.એસ. માર્ક અથવા ગુણવત્તા નિયંત્રણ નંબર ધરાવતાં વીજ સાધનનો જ ખરીદવાનો આગ્રહ રાખવો.

૩. વીજ સ્થાપના તથા તમામવીજ સાધનોને યોગ્ય રીતે અર્થિંગ કરવું અને હંમેશા થ્રી પીન પ્લગ સોકેટનો જ ઉપયોગ કરવો.

૪. કપડાં સુકવવા માટે શક્ય હોય ત્યાં સુધી ધાતુના તારનો ઉપયોગ ટાળવો અને તેમ છતાં ધાતુના તાર વાપરવામાં આવે તો આવો તાર વીજ લાઈન કે તેના કોઈપણ ભાગના સંપર્કમાં ન આવે તે રીતે બાંધવો.

૫. વીજ લાઈનના થાંભલાઓના સંપર્કમાં રહેવાનું ટાળવું.

૬. વીજ લાઈનોના તુટેલા તારને કોઈપણ સંજોગોમાં અડકવું નહીં.

૭. વીજ લાઈનોની નીચે તથા તેના થાંભલાઓ નજીક કોઈપણ પ્રકારનું બાંધકામ કરવું નહીં.

૮. ભીના હાથે વીજ સાધનો તથા સ્વીચોને અડકવું નહી.

૯. વીજ સાધનો માટે યોગ્ય ક્ષમતાના ફ્યુઝ, એમ.સી.બી. તથા ઈ.એલ.સી.બી. નો ઉપયોગ કરવો જોઈએ. ૫ (પાંચ) કીલોવોટ કે તેથી વધુના વીજભાર માટે અર્થ લીકેજ સર્કીટ બ્રેકર (ઈ.એલ.સી.બી.)નો ઉપયોગ કરવો ફરજીયાત છે.

૧૦. વીજ લાઈનો નીચે વાહનો ઉભા રાખવા નહી તેમજ વધુ ઉંચાઈના વાહનો વીજળી કે લાઈનો નીચેથી સાવચેતી પૂર્વક પસાર કરવામાં આવે તેની ખાસ કાળજી લેવી.

૧૧. વીજ લાઈનોની નીચે અથવા તેના થાંભલાઓ કે તાણીયાઓ સાથે પ્રાણીઓને બાંધવા નહીં.

૧૨. વીજ સ્થાપનોના કોઈ પણ ભાગ તથા વીજ સાધનોના સંપર્કમાં પાણી અને અગ્નિ ન આવે તે પ્રમાણે ચોકસાઈ રાખવી.

૧૩. તુટેલી સ્વીચો તાત્કાલીક બદલાવી નાખવી જોઈએ તેમજ ઓવરલોડીંગ ન થાય તે હેતુસર એક જ પ્લગમાં એક થી વધુ વીજ સાધનો જોડવા નહી.

૧૪. વીજ લાઈનોના તાર નીચે વૃક્ષો વાવવાં જોઈએ નહી તથા વૃક્ષોને વીજળીનાં તારથી દુર રાખવા જોઈએ.

૧૫. પોતાનાં વીજ સ્થાપનમાંથી બીજાને વીજ પુરવઠો આપવો જોઈએ નહી.

૧૬. ઓવરહેડ લાઈન તુટેલી માલુમ પડે ત્યારે પુરવઠાદારને જાણ કરવી કે જેથી અકસ્માત નીવારી શકાય.

૧૭. પાણીવાળા હાથે સ્વીચ ઓન / ઓફ કરવી નહી.

૧૮. ઓવરહેડ લાઈન કે થાંભલા પર ભરાયેલ પતંગ કાઢવા નહી.

૧૯. મકરસંક્રાતિના તહેવાર દરમિયાન મેટાલીક યાર્નથી પતંગ ચગાવવા નહી.

૨૦. વીજ સ્થાપનના મીટર બોક્ષ જાતે ખસેડશો નહી.